ઓડુંપમાન નેકનામદાર રાજ્યસ્થાન પોરબંદરના

એડમિનિસ્ટ્રેટર.

એફ. એસ. પી. લેલી.

સાહેબ બહાદુરની આજ્ઞાથી બનાવેલી.



रेलवे विषे कविता.

સુધારીને તથા સુદામાજીના આગમન રૂપે
પોરબંદરનું વર્ણન વધારીને.

ગરબીઓ સહિત.

બનાવનાર અને છપાવનાર.

ત્રીભોવનદાસ વિ. આત્મારામ દવે.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

કીમત બે આના.

મુખત્યાર નેકનામદાર રાજ્યસ્થાન પોરબંદરના

એડમિનિસ્ટ્રેટર.

એફ. એસ. પી. લેલી.

સાહેબ બહાદુરની આજ્ઞાથી બનાવેલી.

रेलवे विषे कविता.

સુધારીને તથા સુદામાજીના આગમન રૂપે

પોરબંદરનું વર્ણન વધારીને.

ગરબીઓ સહિત.

બનાવનાર અને છપાવનાર.

ત્રીભોવનદાસ વિ. આત્મારામ દવે.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

કીમત બે આના.

પ્રસ્તાવના.

કવિતા લખીને જાહેરમાં મૂકવાનો મેં સ્વપ્ને પણ વિચાર કીધો નહોતો; નોકરીને સંબંધે પ્રસંગોપાત કન્યાશાળામાં ભણનારી કન્યાઓ પાસે બોલાવવા ગરબીઓ લખતો, જાહેર કવિતા ન લખવાનો મારો મક્કમ ઠરાવ હું વાજબી ગણતો, કેમકે પિંગળશાસ્ત્ર કે અલંકાર શાસ્ત્રનો મારે અભ્યાસ નથી. જોડકણું લખીને હાંસી કરાવવા કરતાં મૌનતા રાખવી મને સારી લાગે છે. મરહુમ શ્રી નવલરામભાઈએ કોઈ નાપસંદ પડતી ચોપડીની ટીકા કરતાં એકવાર ટંકારમાં લખ્યું હતું કે, આજકાલ આવાં પુસ્તકો લખવાને ઓથારીઓ (એક જાતનો હડકવાં) ફેલાયો છે!!

પોરબંદર સ્ટેટના એડમિનિસ્ટ્રેટર નામદાર લેલી સાહેબે અત્રે એક મેલાવડો ભરવાનો ઠરાવ કીધો. કારીગરોને ઉત્તેજન આપવાની સાથે કવિતા લખનારાઓને યોગ્ય ઉત્તેજન આપવાનો પવિત્ર વિચાર પણ તેમના શુદ્ધ અંતઃકરણમાં થઈ આવ્યો. પોરબંદર સ્ટેટ ગેજેટ મારફતે ખબર આપવામાં આવી કે આ સ્ટેટમાં રહેનારાઓમાંથી જે "નવી રેલવે" એ વિષયપર સારામાં સારી કવિતા લખશે તેને ઈનામ આપવામાં આવશે. બીજા કવિતા લખનારાઓની પેઠે મેં પણ લખી. કવિતા લખી રાખવા છતાં જાહેરમાં મૂકવાને-સાહેબ મોસુફ તરફ મોકલવાને મારા મનમાં સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. પછી મેં મારી કવિતા ચકાશી જોઈ-મારા યોગ્ય હેતુઓ પાસે વંચાવી જોઈ. આવા વખતમાં મને વારંવાર એવા વિચાર આવતા કેઃ-

મનહર છંદ.

ખાસ ન અભ્યાસ રસનામાં ન સુવાસ વાસ,
શોભાનો સમાસ ન કવિતા એવી કરતો;
રખે વાંચનાર પાંચબાર ધાંચ કાર ગણે,
પદ્ય મારૂં જાહેરમાં ધરતાં હું ડરતો;

ગંડીતની અખંડીત ગંડીત નજર માંહી,
ભણાઉં ફરી ચોથારીઆને અનુસરતો;
તપાશી તપાશીને ચકાશી ખાશી રીત જોતાં,
હાંશી ફરી ફાંશી હું ગળામાં રખે ધરતો. ૧

આખરે બધા મિત્રોની સલાહથી હરીફાઈ થવાને કવિતા મોકલી આપી. આવેલી સઘળી કવિતાઓની મેહેરબાન એડમિનીસ્ટ્રેટર સાહેબે ગુજરાતી ભાષાના યોગ્ય વિદ્વાન પાસે તપાસ કરાવી. મારી કવિતા પસંદ પડવાથી તારીખ ૮ મા માહે મે સને ૧૮૮૯ નેરોજ સાંજના પાંચ વાગતાં પોરબંદર પ્રદર્શનના સંબંધમાં મોટો દરબાર ભરાયો, તે વખતે મારી પાસે બોલાવીને મેહેરબાન શ્રી રાણા સાહેબે રૂા. ૨૫ ની પાઘડી શીરપાવ આપી.

ઉત્તેજન આપીને અનુપસ્થિત થઈ ગએલી કવિતા લખવાની આવડત જાગૃત કરાવનાર મેહેરબાન નેકનામદાર મહારાણા શ્રી. ૭ વિક્રમાતજી તથા મેહેરબાન નેકનામદાર એફ૦ એસ૦ પી૦ લલી સાહેબ બહાદુરનો મારાપર થએલો બારત ઉપકાર મારાથી જન્મારા પર્યંત ભૂલાશે નહીં. પ્રભુ તેમનું કલ્યાણ કરો.

મારો આ પેહેલીજ વારનો પ્રયાસ જાણી ભૂલ ચૂક માફ કરવા સુજ્ઞ વાંચનારાઓને નમ્રતા પૂર્વક વિનતિ કરૂં છું.

પોરબંદર **શ્રીભોવનદાસ વિ. આત્મારામ દવે,**
તા.૧-૬-૮૯ પોરબંદર કન્યાશાળાના આસિસ્ટંટ

રેલવેની કવિતા માટે અભિપ્રાય
(મૂળ અંગ્રેજીમાં છે તેનો ગુજરાતી.)

(સોરઠ પ્રાંતના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર સાહેબના તા.૨૭મી એપ્રીલ સન ૧૮૮૯ના કાગળમાંથી ઉતારો કરેલ નવમો પેરીગ્રાફ.)

"ઉપર જે કવિતા વિષે મેં હકીકત કહી તે કરતાં તેગજ ઉં-ગણું સુધી જેટલી કવિતા મેં તપાશી તેમાં પોરબંદર કન્યાશાળાના આસિસ્ટંટ માસ્તર અને લીંમડી સંસ્થાનના રહેવાશી મીસ્તર ત્રીભોવનદાસ આત્મારામ દવેની કવિતા પેહેલે નંબરે આવે છે.

જો કે તેની કવિતા તદન ભુલ વગરની છે, એમતો નહીં કહી શકાય; તોપણ તેમાં ભૂલો થોડી અને કોઇ કોઇ ઠેકાણે જોવામાં આવે છે. આ વિષયનું વર્ણન તેણે ઉત્તમ રીતે કર્યું છે.

આ કવિતા તેણે જાતે રચી છે, અને તેમાં ઘણો સારો ભાવાર્થ દેખાડયો છે.

મીસ્તર ત્રીભોવનની માફક કોઈપણ ઉમેદવારે પદ્ધતિ સરતે વિષયનું મનન કર્યું નથી.

ઓગણીસમી સદીના અદ્ભુત અને ચમત્કારી બનાવોનું ટુંકામાં વર્ણન કર્યા બાદ દુનિયામાં નામાંકિત થએલા જ્યોર્જ સ્ટીવન્સન નામનો લુહાર જેણે રેલવે શોધી કાઢી તે વખતથી તે વર્ણન કરેછે.

બાદ કેટલીક લીટીઓમાં રેલવે અને તેની બનાવટનું અને રેલવેમાં મુસાફરી કરતાં મળતી મગતનું તે વર્ણન આપે છે. રેલવેના માર્ગનું અને તેના વલણનું હસવા લાયક રૂપકની અંદર વર્ણન કર્યા બાદ દેવ રૂપી અગ્નિરથના દેવાલયમાં ઢેડીથી અભડાઇ જવા વિષે એક બ્રાહ્મણીના વિચારને તે હશી કાઢે છે.

બાદ રેલવેથી થતા ફાયદાનું વર્ણન આપે છે. અને છેવટે વરાળ, વાયુ, અને વરૂણ દેવના પ્રતાપથી પોરબંદર જે સુદામાપુરી કહેવાય છે, તેના વૈભવનું તે બ્યાન કરી તેનો છેડો લાવે છે.

સઘળી કવિતામાં હું આ કવિતાને પસંદ કરૂં છું, અને તે ઇનામને લાયક છે, એવો મારો નમ્ર અભિપ્રાય આપું છું ,,

સહી ગણપતરામ અનુપરામ ત્રીવાડી.
સોરઠ પ્રાંતના ડે. એ. ઇન્સ્પેકટર.

રેલવે વિષે.


કવિતા લખનાર અને કવિતા બોલનાર વિષે.

ગિતિ *

સોની જડીયા કડીયા, ઘડે ઘાટ પણ શ્રીમંતને સોંપે,
કવિતા કરતા કરતાં, રંગ રાગનો સુકંઠમાં ઓપે. ૧

પેહેલેથી છેલ્લે તેમ છેલ્લેથી પેહેલે લગણ વાંચી શકાય એવો રેલવેચક્રપ્રબંધ [આ સખાં પ્રત્યે કહે છે.]

મોતીદામ છંદ.



---

* સભાજનો હજુર રેલવેની કવિતા મોઢે બોલી બતાવવાનો હુકમ હોવાથી ઉપર પ્રમાણે ગિતિમાં પ્રથમ રાગ માટે માગી ગાગી.

ચક્રમાંનો— **મોતીદામ છંદ.**

મહારી ધરા ધરથી ધરી હામ,
મનાયજ આ શશી દેવ વિમાન;
નમાવી વદે શીશ આ જક્ષ નામ,
મહા રીપ થીર ધરા ધરી ઠામ. ૧

રેલવે ઓગણીસમી સદીમાં થઇ છે. વળી રેલવે જેવી બીજી પણ ઉપયોગી શોધો ઘણી થઇ છે, માટે સારી આલમ ઓગણીસમી સદીની આભારી છે.

મનહર છંદ.

માઉં બલીહારી જાઉં વારી તુજપર પ્યારી,
[1]આલમ સારી આભારી તારી સદી ઓગણીશ.
[2]કળાથી [3]કળા ફેલાવી [4]વાયુવત [5]ગત લાવી,
જગમાંની [6]જ્યોત આવી વેણુ કયે વરણીશ;
રવી તો ચીતારો તારો ફોટોગ્રાફ પાડનારો,
ન્યારો જાદુગારો સારો [7]વિસમ સમો ભણીશ;
આવાર નવાર સમાચાર વાર ન લગાર,
એમ આપનાર તાર [8]દુત તાદશ ગણીશ. ૧
પવન [9]ફવન વાદી ભવન [10]ભવન જાય,
[11]સ્તવન [12]લવન [13]ટેલીફોન કરે તેટલું;

---

૧ દુનિયાં. ૨ હુન્નરથી. ૩ તેજ. ૪ વાયુની પેઠે. ૫ વેગ. ૬ પ્રકાશ. ૭ જેની બરાબર બીજું નથી. ૮ જાસુસ. ૯ વેણ. ૧૦ ઘર. ૧૧ વખાણ. ૧૨ બોલવું. ૧૩ એક છેડેથી બોલે તે બીજે છેડે સંભળાય છે તે.

[1]જળ દળે જલદ બળદ બળ શું તે આગે,
[2]અકળ સકળ [3]કળાધર પણું કેટલું;
માનવીને લેઇ આસમાન જાય છે [4]વિમાન,
[5]તાનથી દે માન જાન જોવા મળ્યું જેટલું;
કીરતીની [6]કલગી લગી છે ઠામ ઠામ આમ.
વેલ તેની રેલ અનુમાન થાય એટલું. ૨

રેલવેની ઉત્પત્તિ તથા તેને બનાવનાર મૂળ પુરૂષ વિષે.

ઇંદ્રવિજય છંદ.

જ્યોર્જ [7]સ્ટીવન્સનથી થઇ ઉત્પન છે મૂળ ઇંગ્લંડ દેશ વિખ્યાતે,
આગની ગાડી અગાડી હતી નહીં ત્યાં જ લગાડી વગે શરૂઆતે;
[8]વારી લુહાર [9]આગાર [10]અંગાર મધે ધરનાર તણા ગુણ ગાતે,
જામી જશે જશ દેશ વિદેશ હમેશ નરેશની બેશ ગણાતે. ૧
વેલ વિલાત વિષે વવરાવી પછી પસરાવી બધી જગ માંહી,
[11]ખાણું [12]પથાણું લવાણું ઘણું નિજ દેશ દટાણું ધન ગયું જ્યાંહી;
અંજનનું મન રંજન ભોજન કાષ્ટ [13]ખનીજ સિવાય ન કાંહી,
લોહ પટાપર થાય પલાયન જાયન અન્ય જગાપર આંહી. ૨

---

૧ પવનચક્કી દળે છે. ૨ ખબર ન પડે તેવું. ૩ હુન્નરવાળું. ૪ બલુન. ૫ તાળી પાડીને અથવા ઉમંગથી. ૬ છોગું. ૭ રેલવે જ્યોર્જ સ્ટીવન્સને શોધી. ૮ બળતાણુ. ૯ ઘર ૧૦ દેવતા. ૧૧ ખા-ખાનું ૧૨ પાથરવાના પાટા. ૧૩ કોયલા.

રેલવેની રચના.

હરીગીત છંદ.

રોપી [1]અડગ કીધી સડક [2]બેધડક ચાલે ચાલવા,
પુર પોરથી ધોરાજી રસ્તે વસ્તીને સુખ આલવા;
છે માર્ગ ઉપર થર ગરથ પણ વ્યર્થ નહીંજ નીદાન છે,
પુરવા મનોરથ [3]અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૧
નદીઓ અને નદ ગહદ કદનાં હોય જ્યાં સરહદ વચે,
ત્યાં પુલ પણ અણમૂલ ને અનુકુળ ખરચે છે રચે;
સૌ માર્ગ [4]દુસ્તર [5]દુર્ગ તરતાં હરકતો હરવાન છે,
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૨
સર્વેની આગે અગ્રભાગે ધગક લાગે જોરમાં,
ભુંગળ બજાવે આગ ખાવે તેમ આવે તોરમાં;
શી થાય ખટખટ જાય ઝટપટ ઝડપવાન વિમાન છે,
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૩
રે બાળ બાઇ વિકરાળ બળ ટળી કાળ ગાંય વરાળનું,
છે તાત જળ ને ગાત અગ્નિ જાત જગત વિશાળનું;
આ [6]જહાંન કે [7]અસમાન મધ્યે કોણ તેહ સમાન છે,
પુરવા મનોરથ અગ્નિરથ આ અકથ સમરથવાન છે. ૪

---

૧ હલે ચલે નહીં તેવું. ૨ નિર્ભયપણે. ૩ આગગાડી, ૪ તરી શકાય નહીં તેવું. ૫ ડુંગર. ૬ દુનિઆં. ૭ આકાશ.

રેલવે સ્ટેશન પરનો દેખાવ અને રેલવેમાં બેઠા પછીનો આનંદ.

ભુજંગી છંદ.

બને સ્ટેશને સ્ટેશને ભીડ ભારી,
મળે તે સ્થળે વેગળેથી પધારી;
જનો [1]મહાજનો સાજનો કોઇ ધીરા,
દીસે છે વિદેશે જવાને [2]અધીરા. ૧
ઘણુંણુ ઘણુ ઘણ્યો ઘંટને લોક ચોંકયા,
[3]ધરમ્ પાપની બારીએ આપ [4]ઝોંક્યાં;
તહાં ટીકટો વિકટો તો કરાવી,
[5]કસ્યાથી [6]ધસ્યા જીવ યત્ને બચાવી. ૨
સમાલો સમાલો સિપાઇ વદે છે,
તથા [7]તસ્કરો કાતરો તોય દેછે;
સુણો રે સુણો આ સીટી સાદ દેછે,
અહી પોટલી [8]મોટલી સૌ જુએ છે. ૩
ધગમ્ [9]ધર્ણી ત્યાં ધણ્‌ધણી આવવાથી,
જુઓ આ ખડોછે બડો ગસ્ત હાથી;
ચડી બેસતાં સર્વને સુખ શાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૪
પડી થંડ તો બંધ બારી કરીને,

---

૧ મહાજન—મોટાં માણસ. ૨ ઉતાવળા. ૩ ટીકટો લેવાની બારી. ૪ ઉભા. ૫ દબાયાથી. ૬ દોડયા. ૭ ચોરો. ૮ ગાંઠડી. ૯ધરતી.

તથા ટાઢનાં [૧]ગાઢ વસ્ત્રો ધરીને;
વધુ સ્વાદથી વાદથી કોઈ ખાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૫
ગટે તાપની આપદા એજ ગાટે,
ફરે વાડ [૨]વૃક્ષો તણી બેઉ વાટે;
ભટો [૩]સુભટો સર્વને [૪]પાણી પાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૬
સુણી [૫]રેગનો [૬]વેગની ધમ્ ધમાટી,
ઉઠી મેઘ રાજા [૭]ડરે કમ્ કમાટી;
પડે પાણીને માંય [૮]મલ્હાર ગાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૭
ધરે છે [૯]વસુધા [૧૦]સુધા [૧૧]લીલવાધા,
[૧૨]ત્વરાથી [૧૩]ધરા આવીને જાય આધા;
રતીના ગતિ વર્ણવા વારી [૧૪]ધાતા,
સદા સર્વદા રેલ આનંદ દાતા. ૮

રેલરેમાં બેસતાં આભડછેટનો વહેમ (રૂપક)

મનહર છંદ.

[૧૫]હાય હાય ગાય આતો છાંયા વાળી ઢેઢડી છે,

---

૧ જાડાં. ૨ ઝાડ. ૩ બહાદુર. ૪ હરાવતા. (પણ આંહીં બ્રાહ્મણ પાણી પાય છે એગ.) ૫ ગાડીઓ. ૬ ગતીની. ૭ દીસે. ૮ ચોમાસાગાં ગાવાનો રાગ. ૯ પૃથ્વી. ૧૦ સારા. ૧૧ લીલાંવસ્ત્ર. ૧૨ ઉતાવળથી, ૧૩ પાણીના ધરા. ૧૪ જળના ઓઘ. ૧૫ બ્રાહ્મણી રૂપે વહેમીનું બોલવું.

કાય અભડાય મારી અડકતાં એહને;
કેદારગાં જાવું પડે માથાબોળ નાવું પડે.
પછી ખાણું ખાવું પડે શુધ્ધ કરી દેહને;
[1]એશ અલી બામણી તું બક બક શાની કરે,
દોકડા તો રોકડા બધે દીધેલ તેહને;
શાણી વાણી આણી વાણીયાણી વદી તાણી [2]દેવ,
ગાડીમાં ન આડી શાને ધરીએ સંદેહને. ૧

ગાડીની માનતા.

કુંડળીયા—ભુજંગી.

પુજે [3]પ્રતિમા પ્રેમથી, નદીઓ આણી [4]નેહ;
[5]અદ્ભુત રથને દેખીને, ખરે પુજતા એહ;
ખરે પુજતા એહ ભાવે કરીને,
દયા માગતા માતની કરગરીને;
હરો રોગને દોગ ઓ માત કાળી,
કરો ને ભલા દો [6]બલા સર્વ ટાળી. ૧

ટાઢો આવે તાવ ને, થર થર કંપે કાય;
મટશે દેવ દયા થકી, નમે ગાડીને પાય.
નમે ગાડીને પાય એ હાથ જોડી,
અરે માત તારી દયા છે ન થોડી;
થયો બંગ સૌ કાળ [7]વિકાળ ઘેરો,

૧ દેયડી રૂપે સમાનતાની માગણી. ૨ ગાડી પ્રત્યે પુજ્યભાવ ને સમાધાન. ૩ મૂર્તિ. ૪ હેત. ૫ આગગાડી. ૬ પીડા. ૭ મોત નજીક આવેલ હોય તે કાળનો ઘેરો.

વધેરૂ તમો પાસ બે નાળીએરો. ૨

ફળીએ ફળીએ ફેરતો, ગામે ગામે જાય;
ફોલેરાથી કૈકને, ગજબ ગુજરી જાય.
ગજબ ગુજરી જાય છે કૈક ઘેરે,
અમે સૌ સુણી ગાત તારી ગહેરે;
થયો આંહી [1]મે [2]વારી અમૃત કેરો,
વધેરૂં તમો પાસ બે નાળીએરો. ૩

રેલવેથી થતા ફાયદા.

નારાચ છંદ.

દુકાળ કાળીયો [3]કરાળ કો [4]વિશાળ ભાગમાં,
પ્રજા [5]પ્રજાળી આંક [6]વાળી દે રસાળી [7]જાગમાં;
અરે પુકાર કોણ સુણનાર અર્જદારના,
સિવાય જુથ [8]શાગ રેલ નાગ દાગ સારના. ૧
અનાજ [9]સાજ સૌ [10]સમાજ કાજ જાય [11]વાજથી,
ઉપાડી જાય દાડી પાડી લાવી દુરરાજથી;
બધાંય બીડ ઘાસ ચાસ ઢોર પાસ જૈ ધરે,
વળી ઉઠાવી ઢોર હાંક હાકથી હરે ફરે. ૨
થતા બકોર શોર જોર ચોરનું હતું ઘણું,
[12]કવચિતગંગ જાય નાય તીર્થ ભાગ્ય તે તણું;
[13]વસુની થેલ રેલમાં ધકેલતાં હવે જુએ,
દહાડી ગાડી ચોરની છુપાડી મુખને રૂએ. ૩

---

૧ વરસાદ. ૨ પાણી. ૩ ભયંકર. ૪ મોટું, ૫ દુખીકરીને. ૬ હદવાળી. ૭ જગ્યાગાં. ૮ કાળુંધાડું. ૯ સામાન. ૧૦ જનસમુદાય. ૧૧ વેગથી. ૧૨ કોઇ વખત. ૧૩ નાણાની કોથળી.

મલીન દીન હીન હાલતે દીનો ગુમાવીયા,
ફળ્યું નશીબ ફૂલ ફાલથી ફળો ફળાવીયાં;
અપાર ઉપકાર કાર તારનાર તેહને,
કહોજી ધન્ય ધન્ય ધન્ય દીવ્ય દૈવી દેહને. ૪

—o—

વરાળ, વાયુ અને વરૂણ દેવના પ્રતાપથી પોરબંદરનો વૈભવ.

પદ.

ધન્ય ધન્ય ધન્ય ધામ આ સુદામ પુરી, ધન્ય ધન્ય ધન્ય ધામ;
શ્રીગુણવાન[1] મ્હાન[2] દેવના પ્રતાપ પુરા,
ભોગવ સુખ ભોગ જોગ નાજરા અધુરા. ધન્ય ધન્ય ધન્ય ધામ. ૧
વહન[3] થે વરાળ વાયુ જબર જસ્ત જેવા,
નમ્ર ભાવ ધારી કરે વરૂણ[4] તારી સેવા. ધન્ય ધન્ય ધન્ય ધામ. ૨
દાખવી બળ જળ થળ પર સબળ દે બરાડા,
સમરથ રથ મલ્લ બેઉના[5] જુઓ અખાડા[6]. ધન્ય ધન્ય ધન્ય ધામ. ૩
દરશન પર ચાહ ધાઈ લોક થોક આવે,
વેગળે નીહાળી નયન કમળથી વધાવે. ધન્ય ધન્ય ધન્ય ધામ. ૪

ગિતિ.*

જય જય જય જય વરતો, અમૃત વારી સદા બધે વરસો;
ઇશ્વર અપાય[7] હરશો, સભા જનોને સદા સુખી કરશો. ૧

---

૧ ગુણવાન ત્રણ દેવ. ૨ મોટા. ૩ વહાને. ૪ પાણી. ૫ આગબોટ ને આગગાડી એ બે મલ્લ. ૬ તેમને ઉભા રહેવાની જગ્યા. ૭ દુઃખ.

* આ ગિતિ વડે છેવટે સભાને આશિષ આપી, ઇનામ માટેની કવિતા પુરી થઈ.

રેલવે વિશે ગરબી.

સખી પડવે તે પથે ચાલ્યારે. (એ રાગમાં)

સાહેલી આ રેલવે અલબેલીરે.
આંહીં આજે દીઠી પહેલ વેહેલી. સાહેલી આ. ૧
પોર બંદરમાં રેલ આવીરે,
એણે રીત અગારી શોભાવીરે,
મન માનવીનાં દે લોભાવી. સાહેલી આ. ૨
ગાગ ગોંદરે ગરજના કીધીરે,
હુંતો ડબકી જવા જેવી બીધીરે,
કાળી ચીસ તો કારમી દીધી. સાહેલી આ. ૩
બેલ ગાડાં ગધે કોણ બેસેરે,
મોજ આવી મૂકી કોણ દેશેરે,
લોક લાખેણો લાવ તો લેશે. સાહેલી આ. ૪
સગાં સાગવાં આવશે જાશેરે,
વાટે ઘાટે હવે ન મુંઝાશેરે,
હળતાં મળતાં ઘણું હરખાશે. સાહેલી આ. ૫
સેહેજે મહિયર મોસાળ જાસુંરે,
ખાંતે ખેલશું ફરશું ને ખાશુંરે,
ગુણ આગની ગાડીના ગાશું. સાહેલી આ. ૬
જેઠ ટીકીટ અપાવી બેસારેરે,
વીરો ગાડીએ આવી ઉતારેરે,
કહો સાથનો ખપ શાનો ગારે. સાહેલી આ. ૭
રખે રાખતી સહીઅર શંકારે,
ધારા બાંધનારા એના બંકારે,

"જુહા મરદ" કહે દેઇ ડંકા. સાહેલી આ. ૮
જોર ચોરનું ચાલે ન જરાએરે,
એવો વેમ શાને મન ધરીએરે,
ભુંડા પાસ બેઠેલથી ડરીએ. સાહેલી આ. ૯
જમી જુદીને બેશીએ જઇનેરે,
તન મનથી તાજાં માજાં થઈનેરે,
ભાતાં પોતાંને કરીએ શું લઇને. સાહેલી આ. ૧૦
ઠામ ઠામ ગાડી જહાં ઠરશેરે,
લેઈ છાબ વેપારીઓ ફરશેરે,
બાળ ખરચ કદી જરા કરશે. સાહેલી આ. ૧૧
પાણીની પડ પૂછ ન કરવીરે,
ગોર ગાગર લાવશે ભરવીરે,
પાઇ આપીને લોટકી ભરવી. સાહેલી આ. ૧૨
ચડ ઉતરમાં ચીત રાખીરે,
પગ ઝટપટ દઈએ ન નાંખીરે,
એવું વાટ સંભાળીએ આખી. સાહેલી આ. ૧૩
ઘડી બેનાં સંગાતી જે સારાંરે,
ગાડી આપણીમાં બેસનારાંરે,
તે શું હેતથી પડીએ ન્યારાં. સાહેલી આ. ૧૪
ઉતરીને આશિષ એને દઈએરે,
રેલવેનાં વીઘન મટે કહીએરે,
એની રચના ઉપર વારી જઈએ. સાહેલી આ. ૧૫

સુદામાજીના આગમન રૂપે પોરબંદરના ફેરફારનું વર્ણન.

ત્રિભંગી છંદ.

આવતાં સ્વધામા, જપતાં રામા,
સગુણ સદામા, શીર ડોલે;
ત્યાં તરવડ[1] ભાળી, નવલ નીહાળી,
વાળી વાળી, મુખ બોલે;
શો વિશાળ વંડો, વિધ વિધ ખંડો,
વચમાં ઝંડો, પરકાસે,
ભય ભિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧

ખાડી તટ તરણાં, ચરતાં હરણાં,
અનેક વરણાં,[2] મન હરણાં;
ત્યાં હય[3] ભય કરણાં, ચંચળ ચરણાં,
કેરાં ભરણાં છે હમણાં;
ચરતાં ટોળે અજ,[4] ઉડંતી રજ,
ત્યાં ગણુ[5] ગજ, દેખી ત્રાસે;
ભય ભિત સદામો, અદ્ભૂત કામો,
નવતર ધામોથી નાસે. ૨

પુર તરફ વિચરતાં, સુંદર સરજ્યાં,
હરતાં ફરતાં છે પક્ષી;
જે જળમાં ચરતાં, કલ્લોલ કરતાં,
આ સુંદરતા, શી બક્ષી;

---

૧ તરવડું—એક બાગ. ૨ રંગ. ૩ ઘોડા. ૪ બકરાં. ૫ હાથીનાં ટોળાં.

ચો બાજુ આરો, કામણગારો,
ન્યારો ન્યારો, મન ભાસે;
ભયભિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૩

દક્ષિણગામ દેખે, લાંબું લેખે,
પુરાણુ પેખે ન્યાળીને;
ભભકાથી ભળીયાં, નવતર [1]નળીયાં,
છે સાંકળાયાં, માળીને;
એ મનહર મંદીર, લાગે સુંદીર,
અદ્ભુત અંદર, [2]આવાસે;
ભયભિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૪

કાજુ મુજ કિલ્લો, હતો હઠીલો,
એ એ ફીલો, ક્યાં ઉડ્યો;
દેખું ના જરીએ, કે કાંકરીએ,
તે શું દરીએ, જઇ ડુબ્યો;
"[3]હૂ કમ ધેર" કરતા, પોલીસ ફરતા,
નિશ દીન ફરતા ચોપાસે;
ભયભિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૫

સરતાન બગીચો. લીલ ગલીચો,
નયને નીચો, નીહાળે;

---

૧ જેને લોક વિલાયતી નળીયાં કહે છે તે. ૨ ઘરમાં. ૩ હૂ કમ ધેર (અંગ્રેજી) ત્યાં કોણ છે. રાત ચોકીવાળા પોલીસ બોલે છે.

જયમ વરશા કાળે, તેમ શિઆળે,
અને ઉનાળે, છે બાળે;
સરવે બદલાતાં, નવીન થાતાં,
રતશું જાતાં બદલાશે;
ભય બિન સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૬

મુજધાર સદામા, દરીદ્રતામાં,
અસલ દશામાં આજે છે;
વેળવે ન ભળવા, મુક્તિ ગળવા,
કૃષ્ણજી [1]કળવા, કાજે છે;
[2]ઈંદ્રજાળ સામું, ધ્યાન નકામું,
મોક્ષજ પામું, [3]સંન્યાસે;
ભયબિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૭

આ આડી અવળી, સડકો સવળી,
અવળી બવળી. કયાંથી થઈ;
ના ઉંચી નીચી, નદીં ગલીચી,
પાણી સીંચી, બેશી ગઈ;
જયમ જળ લગાડી, અથવા નાડી,
તનમાં, દાડી, છે પાસે;
ભયબિત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામો,થી નાસે. ૮

દરીઆમાં ડોલી, નાના બોલી,

---

૧ ઓળખવા. ૨ હોય તેથી ઓર તરેહનો દેખાવ લાગે. ૩ બધાનો નાશમાનીને.

અંતર ખોલી, વાણ્ કહે;
સાગર [1]અવિકારી ધરથી ધારી,
રીત અગારી, એજ રહે;
પરમાણુ[2] ખોયાં, જાણે ખોયાં.
થારી જોયાં દેખાશે;
ભયભીત સદામો. અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે.

જળહળ ઝલકંતો આભ મળંતો,
નીશ બળંતો, દીવો[3] છે;
દરીએ દે ફેગ, એ આફેરા,
વાણો કેરા, જુવો છે;
શીખર ગગ જોતાં, પાઘડ[4] સોતાં,
ખાશે ગોતાં, વીંખાશે;
ભયભીત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧૦

ખાડીનો આરો, વાગ[5] કિનારો,
ફેવો સારો, સાંધેલો;
ત્યાં વાણ લગાવે આવે જાવે;
માલ ચડાવે બાંધેલો;
સગવડતા જાણી, હદુ ભરાણી,
બોલે વાણી, હુલ્લાસે:
ભયભીત સદામો, અદ્ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧૧

---

૧ ફેરફાર ન થાય તે. ૨ રજ જેવડાં. ૩ દીવાદાંડીનો દીવો નીશા એટલે રાતે બળેછે તે. ૪ પાઘડી. ૫ ડાગો કાંઠો.

આગેલો દરીઓ, ત્યાં આ દરીઓ,
લોહે[1] ભરીઓ, રસ્તો છે;
પોરાજી ધરીઓ, હા સાંભરીઓ;
વાટે કરીઓ, વસ્તો છે;
મારગમાં પાટાના, ચલકાટા,
સાપણ[2] આંટા સોહાસે;
ભયભીત સદાગે, અદ્‌ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧૨
ધમ્ ધમ્ ગગ[3] ધરતી, આગમ[4] વિચરતી,[5]
સરરર સરતી,[6] ગત[7] કરતી;
પંથી દુખ હરતી, વાટ વિહરતી,[8]
ભારણ ભરતી, ના ડરતી;
દીગ[9] મુઢ બનાવે રેલ, કહાવે,
પાસે જાવે, કંપાસે;
ભયભીત સદામો, અદ્‌ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧૩
ખાડીપર ખીલી, પુલ જ્યુબીલી,
રીત રસીલી, દરશાવે;
આગગને[10] ભારી, જન [11]ગનહારી,
ઉમંગ વારી,[12] વરસાવે;

---

૧ લોઢાના પાટાથી ભરેલો. ૨ સરપણ. ૩ પગ. ૪ ખબર ન પડે તેમ. ૫ જતી. ૬ જતી. ૭ વેગ. ૮ ગમ્મત કરતી. ૯ હેબત થવું. ૧૦ આવતાં. ૧૧ માણસનાં મન હરે. ૧૨ પાણી.

ભરતી કે ઓટે, જવાય ચોટે,[1]
વેગે મોટે,થી ખાસે;
ભયભીત સદામો, અદ્‌ભુત કામો,
નવતર ધામોથી નાસે. ૧૪
શ્રી કૃષ્ણ સગરતા,[2] લેઇ અમરતા,
ધરી નગરતા,[3] ધામ મહીં;
[4]વિનયે વિરાજે; દરશન કાજે,
લોકો આજે, જાય [5]ચહી;
એ ભક્ત પ્રતાપે, સહુ સંતાપે,
અનેક પાપે, નાસે છે;
[6]મોદીત સદામો, અદ્‌ભુત કામો,
નવતર ધામો, પાસે છે. ૧૫

નવું થએલું બધું નીહાળીને છેવટે સુદામાજી કહેછે.

ગીતી.

રૂપ વિરૂપો ધરવાં, એ મુજપુરને હમેશનો હેવા;
પણ નૃપ હનુમંત વંશી, રામ પ્રતાપે સદાય છે [7]રેવા. ૧
બખત વધુ વીતવાથી, કાંચળીઓ ગણીધરો તજી કેવા;
મુજ નૃપ હનુમંત વંશી, રામ પ્રતાપે સદાય છે રેવા. ૨

---

૧ જલદી. ૨ સ્મરના. ૩ નમ્રતા. ૪ નમ્રતા. ૫ ચાહીને. ૬ ખુશી થતા. ૭ રહેવા.